નવી બાબત ૨૦૨૧-૨૨

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ અને બાલવાટિકા માટેની સજ્જતા કેળવી શાળા પ્રવેશ મેળવે તે માટે પ્રોજેક્ટ "પા પા પગલી" માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૨૧૮૦/બ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૬/૦૪/૨૦૨૧

//આમુખ//

નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત પૂર્વ પ્રાથમિક શિક્ષણને બાળકના આગળના શાળાકીય શિક્ષણ માટે ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવ્યું છે. આ માટે ૩ થી ૫ વર્ષના બાળકોને આંગણવાડીમાં જ પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવાનું રહે છે. આંગણવાડીમાં ૩ થી ૫ વર્ષના બાળકોને મળતા અનુભવો તેમના આગળના જીવન તેમજ પ્રાથમિક શિક્ષણ મેળવવા માટેનો પાયો નાંખશે. ત્યારબાદ, ૫ વર્ષ પછી બાળક આંગણવાડી છોડીને બાલવાટિકા (Preparatory Class) માં દાખલ થશે. આમ બાળકના શિક્ષણનો મહત્વનો પાયો (૩-૫ વર્ષ) રાજ્યની આંગણવાડીમાં તૈયાર થશે.

આ પ્રોજેક્ટ હેઠળ Gujarat Council of Education, Research & Training (GCERT) દ્વારા ઓનલાઇન/ડિસ્ટન્સ લર્નિંગ કોર્સ તૈયાર કરી, પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટેના તાલીમબધ્ધ શિક્ષકો દ્વારા તાલીમનું આયોજન કરવામાં આવનાર છે. તાલીમ લીધા બાદ પૂર્વ પ્રાથમિક શિક્ષણના અમલીકરણ અંગે સતત શૈક્ષણિક માર્ગદર્શન આપવું પણ ખુબ જરૂરી છે.

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ અને બાલવાટિકા માટેની સજ્જતા કેળવી શાળા પ્રવેશ મેળવે તે માટે રાજ્ય સરકારના ૧૦૦% બોજા હેઠળ પ્રોજેક્ટ "પા પા પગલી" માટે વર્ષ ૨૦૨૧-૨૨ બજેટ જોગવાઇમાં નવી બાબત તરીકે સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

//ઠરાવ//

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ અને બાલવાટિકા માટેની સજ્જતા કેળવી શાળા પ્રવેશ મેળવે તે માટે "પા પા પગલી" પ્રોજેક્ટ માટે રૂ. ૫૧૨.૪૨ લાખની બજેટ જોગવાઈમાંથી નીચે દર્શાવેલ વિગતો અને શરતોને આધીન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

"પા પા પગલી" પ્રોજેક્ટ હેઠળ આંગણવાડી કાર્યકરને પૂર્વ પ્રાથમિક શિક્ષણના અમલીકરણ માટે શૈક્ષણિક માર્ગદર્શન આપવા નીચે મુજબની કન્સલટન્ટ/ ઇન્સ્ટ્રકટરની જગ્યાઓ માન્ય એજન્સી મારફત આઉટસોર્સીંગથી ભરવાની મંજૂરી આપવામાં આવે છે:

| કક્ષા | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક પગાર |
|---|---|---|---|
| રાજ્ય કક્ષા | PSE કન્સલ્ટન્ટ | ૦૧ | ૩૫,૦૦૦/- |
| જિલ્લા કક્ષા | ડિસ્ટ્રિક્ટ PSE ઇન્સ્ટ્રક્ટર | ૩૯ | ૨૦,૦૦૦/- |
| ઘટક કક્ષા | બ્લોક PSE ઇન્સ્ટ્રક્ટર | ૪૨૬ | ૧૨,૦૦૦/- |
| | કુલ | | |

(PSE - Pre School Instructor)

"પા પા પગલી" પ્રોજેક્ટ માટે ખર્ચની વિગતો નીચે મુજબ રહેશે:

| વિગત | રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| કન્સલટન્ટ/ ઇન્સ્ટ્રક્ટર ના પગાર | ૩૫૫.૬૨ |
| પ્રચાર અને પ્રસાર | ૪૩.૮૦ |
| બાળકોના ડેવલપમેન્ટનું એસેસમેન્ટ | ૮૩.00 |
| બાળકોના વિકાસ માટે એપ. અને પીએસઇ ઇન્સ્ટ્રકટર મેનેજમેન્ટ સીસ્ટમ | 30.00 |
| કુલ | ૫૧૨.૪૨ |

**શરતો:**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) GST તેમજ સર્વિસ ચાર્જ અલગથી ચૂકવવાના રહેશે.

(૯) આ યોજનાનો અમલ તા ૦૧/૦૪/૨૦૨૧ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૨ પોષણ ખાધ અને પીણાંની વહેંચણી |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૧૯ મિશન બલમ સુખમ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૩૧/૩/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) સચિવશ્રી (આયોજન)ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૯) સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૧) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર

(૧૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .............

(૧૩) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ............

(૧૪) વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)

(૧૫) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ..........

(૧૬) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ..........

(૧૭) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૮) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૨૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

(૨૧) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ

(૨૨) સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ - વેબસાઇટ ઉપર મુકવા સારૂ

(૨૩) સિલેક્ટ ફાઇલ